**ક્રિમીનલ કેસ નં.૨૦૦૧૪૩/૨૦૧૩ ના કામે આંક–૧ લગત હુકમ.**

---

આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો રજીસ્ટ્રાર ઓફ કંપની કે જે ફરીયાદી છે તેઓએ કુલ ચાર આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરેલી જેમાં આરોપી નં.૧ કંપની છે અને આરોપી નં.ર થી ૪ તેના ડાયરેકટરો છે. ત્યારબાદ આરોપીઓને સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ હોવા છતાં આરોપીઓ ને સમન્સ/વોરંટ બજે કે વગર બજે પરત આવેલ નથી. આ બાબતે ફરીયાદપક્ષના વિ.પ્રોસિકયુટરનું પણ ધ્યાન દોરવામા આવેલ અને સરનામું રજૂ કરવા સમન્સની બજવણી કરાવવા માટે જણાવેલ, પરંતુ તેઓ તરફથી આજદિન સુધી આરોપીઓ ને સમન્સની બજવણી માટે ફરીયાદપક્ષે પ્રયત્ન કરેલ નથી કે આરોપીઓના સરનામા રજૂ કરવામા આવેલ નથી તેમજ અરજીઓ પણ રજૂ કરવામા આવેલ નથી. હાલની ફરિયાદ એ ખાનગી ફરિયાદ તરીકે દાખલ થયેલ છે તેથી ફરિયાદીની ફરજ છે કે,આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી થાય તેવી કાર્યવાહી કરવી અને જો આરોપીઓના સરનામા ન હોય તો પણ તેઓએ સરનામું મેળવીને રજૂ કરવું જોઈએ. અદાલત પોતે આરોપીઓનું સરનામું મેળવી શકે તેમ નથી, જેથી જો ફરિયાદી આરોપીઓ ના સરનામા રજૂ ન કરે તો તે કારણસર કેસની કાર્યવાહી આગળ વધી શકે નહીં અને આજ કારણસર છેલ્લા કેટલાક વર્ષોથી આરોપીઓના સરનામા વગર કેસની કાર્યવાહી આગળ વધી શકેલ નથી. નામદાર હાઈકોર્ટે પણ જૂના કેસમાં તુર્ત નિકાલ બાબતે સુચનો કરેલ છે. આ સંજોગોમાં ફરિયાદપક્ષે આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી માટે પુરતા પ્રયત્નો કરવા છતાં પણ આરોપીઓના સરનામા રજુ કરી સમન્સ/વોરંટની બજવણી કરાવી શકેલ ન હોય તે કારણે કેસની કાર્યવાહી આગળ વધી શકે તેમ ન હોઈ એક માત્ર વિકલ્પ અદાલત પાસે ફરિયાદ કાઢી નાખવાનો જ રહે છે જે તમામ હકીકત ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧. આ કામે આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી કરાવવા માટે પુરતો પ્રયત્ન કરાવવા છતાં ફરીયાદપક્ષે આરોપીઓના સાચા સરનામા રજુ કરેલ ન હોય સદર કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે અને આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ફરીયાદપક્ષને ભવિષ્યમાં આરોપી અગર તો આરોપીઓના સરનામાં મળી આવે તો તેઓ હાલના કેસમાં તે સંબંધે જરુરી કાર્યવાહી કરી શકશે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૯ /૨૦૨૧
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ,કોડ નં.જીજે૦૦૬૩૩